# મોડાસા સહિત અરવલ્લી જિલ્લામાં ઈદ ઉલ-અઝહાની હર્ષોલ્લાસ સાથે ઉજવણી

ઈદ-ઉલ અઝહા પર્વ પ્રસંગે બકરી ઈદની ઉજવણીમાં મુસ્લિમ બિરાદરોએ માલપુર રોડ પર આવેલી ઈદગાહ મસ્જિદે નમાજ અરવલ્લીના મોડાસા ખાતે મુસ્લિમ બિરાદરોએ બકરી ઈદની ભવ્ય રીતે ઉજવણી કરી હતી. મોડાસાની માલપુર રોડ પર કુટુંબ, સમાજ, ધર્મ તેમજ રાષ્ટ્ર પ્રેમ માટે ત્યાગ અને બલિદાન આપવાનો સંદેશ અપાય છે. બકરી ઈદ દિને બકરાની કુરબાની આપી



અદા કરી હતી. મુસ્લિમ બિરાદરોએ એકબીજાને મળીને ઈદ મુબારક પાઠવ્યા હતા. મોડાસા શહેરમાં બકરી ઈદ નિમિત્તે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો હતો. મોડાસા શહેર સહીત જીલ્લામાં મુસ્લિમ બિરાદરોએ બકરી ઈદની ઉજવણી કરી ઈબાદત કરી હતી. આવેલી ઈદગાહ મસ્જિદ ખાતે હજારો મુસ્લિમ ભાઈઓએ નમાજ પઢી હતી. નમાજ અદા કર્યા બાદ બકરી ઈદની એક બીજાને મળીને ઈદમુબારક પાઠવ્યા હતા. બકરી ઈદનો તહેવાર ત્યાગ, સમર્પણ અને બલિદાન આપવાની ભાવના સાથે જોડાયેલો છે. આ તહેવારથી સમાજના દરેક નાગરિકે પોતાના મુસ્લિમ બિરાદરોએ બકરી ઈદની ઉજવણી કરી હતી. મોડાસા ટાઉન પોલીસે પૂરા બંદોબસ્ત સાથે નમાજ અદા કરાવી હતી. મુસ્લિમ બિરાદરોએ પોલીસ સ્ટાફ, નગરપાલિકાના પ્રમુખ, કોર્પોરેટરો, અરવલ્લી કલેકટર, અરવલ્લી એસપી તેમજ મોડાસા નગરજનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ડીસામાં કોમી એકતાના માહોલમાં ઈદ ઉલ અઝહાની ઉજવણી કરાઈ

ડીસામાં ઈદ ઉલ અઝહાની ઉજવણી કોમી એકતાના માહોલમાં કરવામાં આવી હતી. વરસાદી માહોલ હોવાથી ડીસાની દરેક મસ્જિદોમાં ઈદ ઉલ અઝહાની અઝહાની નમાઝ પઢી હતી. જયારે હસનઅલી બાવાએ જણાવ્યું કે હઝરત મોહમદ પયગમ્બર સાહેબના ગુણો જીવનમાં ઉતારી એક અને નેક બનવા જણાવ્યું હતું. અકબરીએ ઈદ એ મોહબ્બતનો પયગામ છે તેથી દરેકે પોતાના મન દુઃખ દૂર એક બની ઈદની ઉજવણી કરવા જણાવ્યું હતું. ઓલિયા મસ્જિદ, મિનારા મસ્જિદ



નમાઝ અદા કરવામાં આવી હતી. ઔલિયા મસ્જિદ ખાતે હઝરત સૈયદ મોહમદઅલી બાવાએ જણાવ્યું કે ઈદ એ ખુશીનો તહેવાર છે અને હઝરત ઈબ્રાહિમ (અ.સ.)ની કુરબાનીને યાદ જીવત કરાવી દરેકને ઈદ ઉલ અઝહાની ઉજવણી કરવામાં આવી હતી. તેમની ઈમામત પાછળ મોટી સંખ્યામાં લોકોએ ઈદ ઉલ આ પ્રસંગે દેશમાં અમન ભાઈચારો જળવાઈ રહે તે માટે વિશેષ દુઆગો ગુજારી હતી અને દેશની રક્ષા માટે હંમેશા મુસ્લિમ પોતાની જાન પણ આપી દેશે પણ દેશને આચ નહિ આવવા દે. મુસ્લિમો હમેશા દેશના વફાદાર છે અને રહેશે હમેં ભારતીય છીએ ડીસાની મક્કા મસ્જિદ ખાતે ઉપસ્થિત જન મેદનીને મૌલાના શોકતઅલી તથા જામાં મસ્જિદ તથા ટાટવાળી મસ્જિદ તથા રિસાલા મસ્જિદ સહિત મસ્જિદોમાં નમાઝ અદા કરવામાં આવી હતી. ઈદની નમાઝ બાદ હિન્દુ ભાઈઓ ઉપસ્થિત રહી મુસ્લિમ ભાઈઓને ઈદ મુબારક પાઠવી ખુશી વ્યકત કરી હતી. ઈદની નમાજ બાદ કબ્રસ્તાન જઈ પોતાના પૂર્વજનોને યાદ કરી દુઆગો ગુજારી હતી.



## ધનસુરામાં શિવાલયોમાં મોટી સંખ્યામાં ભક્તો ઉમટ્યા

શ્રાવણ માસમાં શીવજીની ભક્તિનો અનોખો મહિમા છે. ત્યારે શ્રાવણ માસના બીજા સોમવારે ધનસુરા તાલુકાના શિવાલયોમાં મોટી સંખ્યામાં ભક્તો ઉમટયા હતા. શિવાલયો હરહર મહાદેવના નાદથી ગુંજી ઉઠ્યા હતા. લોકોએ ભગવાનના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ભક્તોએ ભગવાન પર બિલીપત્ર અને દૂધ ચડાવી પૂજા કરી હતી. ધનસુરામાં આવેલ પ્રાચિન દેવિયા મહાદેવના મંદિરે પંકજભાઈ ભટ્ટ, નયનભાઈ ગોર, જિજ્ઞેશભાઈ જોશી, મંદિરના પૂજારી દેવેન્દ્રગિરી ગોસ્વામી ધ્વારા અભિષેકાત્મક લગુરુદ્ર પૂજા પણ કરવામાં આવી હતી. સાથે લોકોએ મોટી સંખ્યામાં ભગવાનના દર્શનનો લાભ લીધો હતો. ધનસુરા તાલુકાના શિવાલયોમાં મોટી સંખ્યામાં ભક્તો ઉમટયા હતા.

# સાબરકાંઠામાં મેઘરાજાએ વિરામ લેતા વરાપ નીકળ્યો

હિંમતનગર, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા એક અઠવાડીયાથી સતત વરસી રહેલા વરસાદને કારણે હેલી થઈ હતી અને સાત દિવસ સુધી દિવસે સૂર્ય પણ જોવા મળતો ન હતો. પરંતુ સોમવારે સવારથી જ આકાશ થોડોક સમય વાદળછાયું રહ્યા બાદ તે પવનને કારણે ચોખ્ખુ થઈ ગયું હતુ તથા આકાશમાંથી પણ ગાઢ વાદળો દૂર થઈ જતાની સાથે જ આકાશ ચોખ્ખુ થઈ ગયું હતું.

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ અને હિંમતનગરમાં રવિવારે રાત્રે વરસાદનું પવન સાથે થયેલા આગમન બાદ તે તરત જ બંધ થઈ ગયુ હતુ. જોકે પ્રાંતિજ અને હિંમતનગરમાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન સરેરાશ ૭ મીમીથી વધુ વરસાદ પડ્યો હતો. ગામડાઓમાં છેલ્લા અઠવાડીયાથી ધીમી ધારે પડી રહેલા વરસાદને કારણે કાદવ કિચડ અને મચ્છરોનો ઉપદ્રવ વધી રહ્યો છે. જિલ્લામાં રોગજન્ય વાતાવરણ અઠવાડીયાથી રહેતુ હોવા છતાં જિલ્લાના આરોગ્ય વિભાગ દ્વારા ગંદકીને દૂર કરવા માટે ક્યાય દવા કે પાવડરનો છંટકાવ કરાતો નથી. તો બીજી તરફ હિંમતનગર નગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં કે જ્યા પાણીના ખાબોચિયા ભરાઈ રહ્યા છે તેવા વિસ્તારોમાં પાલિકા દ્વારા જે પાવડરનો છંટકાવ કરવામાં આવે છે.

પરંતુ આ પાવડર અસરકારક ન હોવાથી લોકોને પણ આ અંગે ખબર પડતી નથી. તેમ છતાં શહેરના નાગરિકો દ્વારા કેમ કોઈ તપાસ અંગે પુછવામાં આવતુ નથી. તે પ્રજાની નિષ્ક્રીયતાની ચાડી ખાય છે. ડિઝાસ્ટર વિભાગના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ રવિવારે સવાર સુધીમાં જિલ્લાના ઈડરમાં ૩૮ મીમી, વડાલીમાં ૩૨, ખેડબ્રહ્માંમાં ૨૬, વિજયનગર ૨૫, હિંમતનગરમાં ૨૪ જયારે તલોદમાં ૯, પ્રાંતિજમાં ૬ અને પોશીનામાં ૨ મીમી વરસાદ થયો હતો.

સોમવારે નીકળેલા વરાપને કારણે જિલ્લાના વિવિધ તાલુકાઓમાં ખેડૂતોએ વાવેતર કરેલ કપાસ, મગફળી, દિવેલા, મકાઈ, મગ, અડદ, તુવર સહીતના અન્ય પાકોને સૂર્યપ્રકાશ મળવાને કારણે તેઓ ખીલી ઉઠ્યા છે અને ખેડૂતોએ પણ જ્યા જરૂર જણાય ત્યાં આંતરખેડ અને નીંદામણનું કામ શરૂ કરી દીધુ છે.

## ચિત્રોડી આશ્રમ શાળામાં ફ્રુટ વિતરણ કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૧૨

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના ચિત્રોડી ગામની શ્રી વનવાસી હિતવર્ધક મંડળ,ઈટાવડી સંચાલિત આશ્રમ શાળામાં ફ્રુટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.આશ્રમ શાળામાં આદિવાસી સમાજના બાળકો નિવાસ કરીને અભ્યાસ કરતા હોય છે.પવિત્ર પાવન શ્રાવણ માસ દરમ્યાન દર સોમવારે ફ્રુટનું વિતરણ કરાતા આશ્રમ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.

## ભિલોડા શ્રી જ્ઞાન તપોવન વિદ્યા મંદિરમાં વિશ્વ આદિવાસી દિનની ઉજવણી

ભિલોડા,તા.૧૨

શ્રી અરવલ્લી આદિજાતિ વિકાસ એજ્યુકેશન ટ્રસ્ટ,મંડળ સંચાલિત ભિલોડા ખાતે કાર્યરત શ્રી જ્ઞાન તપોવન વિદ્યા મંદિરમાં વિશ્વ આદિવાસી દિનની ઉજવણી યોજાઈ હતી.વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આદિવાસી નૃત્યો,આદિવાસી સંસ્કૃતિનું પ્રદર્શન કરાયું હતું. આદિવાસી વેશભુષાનું પ્રદર્શન વિદ્યાર્થીઓએ કર્યું હતું. વિદ્યાર્થીઓને મુળ નિવાસી જન નાયક બિરસા મુંડા વિશે વિસ્તૃત માહિતી શિક્ષકો ધ્વારા અપાઈ હતી.

## મહેરૂ પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય કૃમિનાશક દિનની ઉજવણી

ભિલોડા,તા.૧૨

ભિલોડા તાલુકાના મહેરૂ ગામની મહેરૂ પ્રાથમીક શાળામાં રાષ્ટ્રીય કૃમિનાશક દિનની ઉજવણી ભિલોડા તાલુકા પંચાયત પ્રમુખ દોલજીભાઈ કોટડના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.ભિલોડા તાલુકા બ્લોક હેલ્થ ઓફીસર ડૉ. એ. જે. વૈષ્ણવ, મેડીકલ ઓફીસર ડૉ.આમેન્દ્ર પ્રસાદ,આયુષ મેડીકલ ઓફીસર ડૉ.નિલેશ રાવ,આચાર્ય,આરોગ્ય સુપરવાઈઝર,આરોગ્ય કર્મચારીઓ,ગ્રામજનો,વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શક્તિ ભક્તિ અને આસ્થાનું કેન્દ્ર એટલે ગુજરાતનું સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી આજે બન્યું શિવમય...!

આજે ગુજરાતમા શ્રાવણના બીજા સોમવારે યાત્રાધામ અંબાજીમાં શિવાલયોમાં બરફના બીજા સોમવારે શિવ મંદીરોમાં બરફના શિવલીગના દર્શન કરી વિશેષ પૂજા અર્ચનાનો લાભ અંબાજીના આપેશ્વર મહાદેવ મંદિરમાં આપેશ્વર યુવક મંડળ, રબારી સમાજના યુવાનો અને મંદિરના કાર્યકર્તા અને મિત્ર મંડળ અને ગ્રામના સહયોગથી માનેશ્વર મહાદેવને અમરનાથની જેમ





શિવલીગ બનાવી અંબાજીના શિવ મંદિરોમાં અદભુદ અને અનોખા દ્રશ્યો જોવા મળ્યા હતા. આજે યાત્રાધામ અંબાજીમાં અલગ અલગ શિવ મંદિરોમાં બાબા બરફાની અમરનાથની જેમ બરફના મંદિર અને શિવલીગ બનાવામાં આવ્યા હતા. શ્રાવણના શિવભક્તો લીધો હતો.

યાત્રાધામ અંબાજીમાં શ્રાવણ મહિનામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ગબ્બર રોડ પર આવેલા આપેશ્વર મહાદેવ અને માનસરોવરમાં વિરાજમાન માનેશ્વર મહાદેવ મંદિરમાં બરફના શિવલીગ બનાવામાં આવ્યા હતા. ભાવિકોના સહકારથી લગભગ ૭ થી ૮ વર્ષોથી બરફના અમરનાથ મહાદેવની પ્રતિકૃતિ બનાવવામાં આવે છે અને પ્રસાદીનું આયોજન કરાય છે જેનો ગ્રામજનો અને ભાવિક ભક્તો લાભ લઈને ધન્યતા અનુભવે છે. જયારે માનસરોવર સ્થિત માનેશ્વર મહાદેવના મંદિરે દર વર્ષે બરફના શિવલીગ બનાવામાં આવે છે. માણેશ્વર મહાદેવના પૂજારીના જણાવ્યા મુજબ માણેશ્વર મિત્ર મંડળના કાર્યકર્તાઓ એક પુરી રાતનું જાગરણ કરી અને ૧૫૦ની એક એવી ૪૨ બરફની શિલાઓથી બરફનું શિવલીગ તૈયાર કરી અંબાજીમાં અમરનાથનો અનુભવ કરાવે છે.



## જલોતરા ગામે મહામૃત્યુંજય યજ્ઞનુ આયોજન કરાયું

વડગામ તાલુકાના જલોતરા ગામના રહિશ ચંદ્રવદન મનુપ્રસાદ પાધ્યા પરિવારના સૌજન્ય થકી જલોતરા ગ્રામજનોની સુખાકારીના શુભ આશયથી તા. ૧૧મી ઓગષ્ટ રવિવારના રોજ મહામૃત્યુંજય યજ્ઞ (લઘુરૂદ્ર યજ્ઞ)નુ આયોજન કરાયું હતું. જેનો ગ્રામજનો દ્વારા પ્રસાદ તથા યજ્ઞમા આહુતિનો લાભ લીધો હતો. આ યજ્ઞના સૌજન્ય દાતાને ગ્રામજનો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા તથા આભાર વ્યક્ત કર્યો હતો. આ યજ્ઞના સફળ આયોજન માટે માંગજીભાઈ ભટોળ (ભાણા)તથા અન્ય ગ્રામજનોએ વિશેષ જહેમત ઉઠાવી હતી.

## ભિલોડા તાલુકાના નાંદોજટાંડા ગામમાં ગોરો ગણગોર માતાજી ઉજવણી યોજાઈ

ભિલોડા,તા.૧૨

ભિલોડા તાલુકાના નાંદોજટાંડા ગામમાં વણઝારા સમાજની વર્ષો જુની પરંપરા મુજબ ગોરો ગણગોર માતાજી ઉજવણી યોજાઈ હતી. નાયક નાથાભાઈ વણઝારા, માનસિંગભાઈ વણઝારા, અમરાભાઈ વણઝારા, દશરથભાઈ વણઝારા, વરજણભાઈ વણઝારા, હિતેશકુમાર વણઝારા સહિત મહિલાઓ ધ્વારા ધાર્મિક કાર્યક્રમની ઉજવણી યોજાઈ હતી.

# મેમદપુરમાં રાવત સમાજને અપમાનિત કરતું બોર્ડ હટાવવામાં તંત્રને ફુરસદ મળતી નથી

વડગામ, તા. ૧૨

વડગામ તાલુકામાં વહીવટી




તંત્રની લાપરવાહીનો ભોગ જનતા બનતી રહી છે. મેમદપુરમાં છેલ્લા ઘણા સમયથી અતિ પછાત જાતિમાં આવતાં રાવત સમાજને અપમાનિત કરતું બોર્ડ માર્ગ અને મકાન વિભાગ દ્વારા જાહેરમાં મોટા અક્ષરે લખીને લગાવાયું છે. જે અંગે અગાઉ અખબારોમાં સમાચાર પ્રસિદ્ધ કરીને માર્ગ અને મકાન વિભાગના સત્તાધીશોનું ધ્યાન દોરવા છતાં તેમજ જિલ્લા પંચાયત સદસ્ય અશ્વિન સકસેના દ્વારા વડગામ માર્ગ મકાનના લાગતા વળગતા કર્મચારીઓને મોબાઈલથી મૌખિક રજૂઆતો કરવા છતાં બોર્ડ હટાવાયુ નથી. જેને લઈને બે જવાબદારકર્મીઓ સામે લોકોમાં રોષ પ્રગટ થઈ રહ્યો છે.

ભાજપની સંવેદનશીલ સરકાર દ્વારા રોહીત સમાજ, વાલ્મીકિ સમાજ, રાવત સમાજ, દેવીપૂજક સમાજ સહીત અનુસુચિત જાતિ અને અતિ પછાત જાતિમાં આવતાં લોકોને અપમાનિત થાય તેવા શબ્દોનો જાહેરમાં પ્રયોજવો નહીં તેવો સ્પષ્ટ સરકારનો પરિપત્ર હોવા છતાં ખુદ સરકારી બાબુઓ આનો ઉલંઘન કરીને દલિત સમાજને જાહેરમાં અપમાનિત કરી રહ્યા છે.'વાડ જ ચીભડાં ગળે' તેવો ઘાટ આ સંવેદનશીલ સરકારમાં લોકોને થઈ રહ્યા હોવાનો વસવસો લોકો વ્યતિત કરી રહ્યા છે. ત્યારે 'વાઈબ્રન્ટ ગુજરાત, 'સદભાવના, અને સંવેદનશીલ, સરકારની ઈજ્જતને લુણો લગાડીને સરકારની બદનામી કરતાં લાપરવાહી સરકારી બાબુઓ સામે કાયદાકીય પગલાં લઈને દંડાત્મક કાર્યવાહી કરાય તેવું દલિત સમાજના લોકોમાંથી માંગ ઉઠવા પામી છે.



## મોડાસાના બાળકદાસજી મંદિરમાં આબેહૂબ અરવલ્લી ગિરિમાળાઓ વચ્ચે "લાલજી ભગવાનનો" હિંડોળો

ભગવાનને રિઝવવા માટે હરીભક્તો વિવિધ પ્રકારના હિંડોળા શણગારે છે. સંતો-ભક્તો ભગવાનને બિરાજમાન કરવા માટે અગરબત્તી, ચાંદી અને સુવર્ણના દાગીના, પુષ્પો, ફ્રુટ, સૂકોમેવો, હીર, કઠોળ, પેંડા, મોરપીંછ, સિક્કા, બોલપેન, રાખડી, પવિત્રા વગેરે નિત-નવા નવલાં વસ્તુઓથી-પદાર્થોથી હિંડોળાને સુશોભિત કરે છે. મોડાસાના સુપ્રસિદ્ધ બાલકદાસજી મંદિરમાં હિંડોળા તૈયાર કરવા માટે દર વર્ષે દિલીપભાઈ ભાવસાર અને તેમનો પરિવાર અને ભક્તગણ તન મન ધન અર્પણ કરી રહ્યા છે. બાલકદાસજી મંદિરમાં અરવલ્લીની ગિરિમાળાઓનું આબેહૂબ સર્જન કરી પ્રકૃતિના સાનિધ્યમાં "લાલજી ભગવાન" હિંડોળે ઝુલાવતા મોટી સંખ્યામાં દર્શનાર્થીઓએ દર્શનનો લાભ લઈ ભગવાનને હિંડોળે ઝુલાવવાનો લ્હાવો લીધો હતો.

# બળવંતપુરામાં મકાનની ડુપ્લીકેટ ચાવી બનાવી અજાણ્યા શખ્સો ૩.૬૨ લાખની મત્તા ચોરી ગયા

હિંમતનગર, તા. ૧૨

હિંમતનગરના બળવંતપુરા વિસ્તારમાં આવેલ એક સોસાયટીમાં શનિવારે રાત્રે અજાણ્યા શખ્સોએ મકાનના મુખ્ય બારણાની ડુપ્લીકેટ ચાવી બનાવીને ઘરનું બારણુ ખોલી અંદર પ્રવેશી સોના-ચાંદીના દાગીના તથા રોકડ અને વિદેશી નાણું મળી અંદાજે રૂ. ૩.૬૨ લાખની મતાની ચોરી કરી લઈ જતા તે અંગે ઘરમાલિકે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ રવિવારે હિંમતનગર એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

આ અંગે બળવંતપુરા વિસ્તારમાં આવેલ સુમનદિપ સોસાયટીમાં રહેતા આનંદસિંહ વનવીરસિંહ ભાટીએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ શનિવારે રાત્રે અજાણ્યા શખ્સોએ મહેશ્વરીબાના મકાનના મુખ્ય દરવાજાના તાળાની ડુપ્લીકેટ ચાવી બનાવી અજાણ્યા શખ્સોએ મકાનમાં પ્રવેશ કરી અંદાજે રૂ. ૩.૪૦ લાખના ૧૭ તોલા સોનાના દાગીના, ૩૭૦ ગ્રામની ગણપતિની ચાંદીની મૂર્તિ તથા રૂ. ૭ હજાર રોકડ અજાણ્યા શખ્સોએ લઈ લીધા હતા.

ઉપરાંત આ અજાણ્યા શખ્સોએ વિવિધ દેશોની જુદી જુદી ચલણી નોટો અને રૂ. ૭૫૦૦ની ડીવીઆર મળી કુલ રૂ. ૩.૬૨ લાખની મત્તાની ચોરી કરી ભાગી ગયા હતા. ત્યારબાદ આ અંગે રવિવારે આનંદસિંહ ભાટીને ખબર પડતા તેમણે મહેશ્વરીબાના ઘરમાં તપાસ કરીને રવિવારે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ હિંમતનગર એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. ઉલ્લેખનીય છે કે મહેશ્વરીબાના ઘરમાં અજાણ્યા શખ્સોએ ડુપ્લીકેટ ચાવી બનાવીને મકાનના દરવાજાનુ મુખ્ય તાળુ ખોલી અંદર પ્રવેશ કર્યો છે. ત્યારે આ ચોરીમાં કોઈ જાણભેદુ હોવાની શક્યતાને લઈને પોલીસે ડોગસ્કોડ તથા અન્ય પાસાઓની જીણવટભરી માહિતી મેળવી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.